દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૩ માર્ચ, ૨૦૨૬

આ વખતે વધુ ગરમ ઉનાળા માટે તૈયાર રહો

આ વખતે આપણા ગુજરાતમાં ઠંડી થોડી વહેલી શરૂ થઇ ગઇ હતી અને વહેલી પુરી થઇ ગઇ. ફેબ્રુઆરીની શરૂઆતમાં જ ઠંડીએ વિદાય લઇ લીધી. કાશ્મીર, દિલ્હી સહિતના ઉત્તર ભારતમાં આ વખતે જો કે ખાસ્સી ઠંડી પડી. જો કે હવામાન ખાતાની આગાહી મુજબ જ ગુજરાત સહિતના પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં ઠંડી ઓછી પડી. તેમાં પણ ફેબ્રુઆરીમાં તો ખાસ પડી જ નહીં. હવે હવામાન ખાતાએ દેશમાં ઉનાળો વધુ ગરમ રહેવાની આગાહી કરી દીધી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ શનિવારે તેના માસિક પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું કે, માર્ચ અને મે મહિનાની વચ્ચે દેશના મોટાભાગના ભાગોમાં સામાન્ય કરતા વધુ હીટવેવ (લૂ)ના દિવસો રહેવાની શક્યતા છે. જે વિસ્તારોમાં ગરમીના મોજાના દિવસો વધુ રહેવાની આગાહી આ થઇ છે તેમાં આપણા ગુજરાતનો પણ સમાવેશ થાય છે. હીટવેવના દિવસો વધુ રહેવાની આગાહી થઇ છે તે વિસ્તારોમાં પશ્ચિમ રાજસ્થાન, ગુજરાત, હરિયાણા, પંજાબ, દક્ષિણ અને પૂર્વી મહારાષ્ટ્ર, પૂર્વી ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, ગંગાના મેદાની વિસ્તારો ધરાવતું પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને ઉત્તર કર્ણાટક તથા ઉત્તર તમિલનાડુના ભાગોનો સમાવેશ થાય છે. જો કે, માર્ચ દરમિયાન પૂર્વોત્તર અને પૂર્વ ભારત તેમજ પશ્ચિમ હિમાલય ક્ષેત્ર, મધ્ય અને દ્વીપકલ્પ ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં દેશના ઘણા ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું રહેવાની શક્યતા છે.

જ્યારે માર્ચમાં દેશના ઘણા ભાગોમાં સામાન્ય કે સામાન્યથી વધુ વરસાદની અપેક્ષા છે, ત્યારે પૂર્વોત્તર ભારત અને ઉત્તર-પશ્ચિમ તથા પૂર્વ-મધ્ય ભારતના કેટલાક ભાગોમાં સામાન્યથી ઓછો વરસાદ જોવા મળી શકે છે. અહીં ઉનાળામાં જોવા મળતા છૂટાછવાયા વરસાદની વાત છે. હવામાન વિભાગે એ પણ નોંધ્યું છે કે હાલમાં વિષુવવૃત્તીય પેસિફિકમાં નબળી 'લા નીના' (La Nina) સ્થિતિ પ્રવર્તી રહી છે. પરંતુ, વૈશ્વિક મોડલ્સ અને IMDના મોનસૂન મિશન ક્લાઈમેટ ફોરકાસ્ટ સિસ્ટમ (MMCFS) ના પૂર્વાનુમાન મુજબ, આગામી મહિનાઓમાં તટસ્થ અલ નીનો સધર્ન ઓસિલેશન (ENSO) સ્થિતિ પાછી આવી શકે છે. ફેબ્રુઆરી દરમિયાન પ્રવર્તેલી હવામાન પરિસ્થિતિઓની સમીક્ષા કરતા IMD એ જણાવ્યું હતું કે ગયા મહિને સમગ્ર ભારતમાં વરસાદ 2001 પછી સૌથી ઓછો હતો. આ ઉપરાંત, ફેબ્રુઆરી દરમિયાન કોઈ શીત લહેર કે ઠંડા દિવસો નોંધાયા નથી. દક્ષિણ દ્વીપકલ્પ અને મધ્ય ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં દેશના ઘણા ભાગોમાં સામાન્યથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. પૂર્વી દ્વીપકલ્પ અને પૂર્વ-મધ્ય ભારત સિવાય ભારતના ઘણા ભાગોમાં સામાન્યથી વધુ લઘુત્તમ તાપમાન જોવા મળ્યું હતું. IMD એ ઉમેર્યું કે, ફેબ્રુઆરી દરમિયાન, ભારતે 1901 પછીનું 10મું સૌથી વધુ મહત્તમ તાપમાન, ત્રીજું સૌથી વધુ લઘુત્તમ તાપમાન અને પાંચમું સૌથી વધુ સરેરાશ તાપમાન અનુભવ્યું છે. ફેબ્રુઆરી મહિનો ગરમ રહ્યો છે તે વાત સાચી, પણ તેણે તાપમાનની બાબતમાં નવા વિક્રમો રચ્યા નથી તે રાહતની વાત છે. વાતાવરણમાં વધતા જતા કાર્બનને કારણે આપણો પૃથ્વીનો ગોળો ગરમ થઇ રહ્યો છે, પરંતુ આપણે અહીં જોયું કે અલ-નીનો અને લા-નીના જેવા પરિબળોની અસર, અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જેવા પરિબળોની અસર પણ તાપમાનને પ્રભાવિત કરે છે. ગમે તે હોય પણ આપણે આ વખતે વધુ ગરમ ઉનાળા માટે તૈયાર રહેવાનું છે.

સમજવા જેવા પ્રશ્નો



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આદિ શંકરાચાર્યજી ધર્મશાસ્ત્રના ગહન અભ્યાસુ હતા. તેઓ જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિ સમ હતા. દરેક જણ પોતાના મનના પ્રશ્નો અને જિજ્ઞાસાના સમાધાન માટે તેમની પાસે દોડી આવતા. એક વાર એક જિજ્ઞાસુ ભક્તે તેમની પાસે જઈ કહ્યું, '' ભગવાન, મેં શાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો છે પરંતુ મનમાં ઘણા પ્રશ્નો ઊઠે છે પણ જવાબ મળતા નથી.કૃપા કરી આપ મારા પ્રશ્નોના ઉત્તર સમજાવી મારા મનનું સમાધાન કરો.'' શંકરાચાર્યે કહ્યું, '' પૂછો શું સમજવું છે?'' જિજ્ઞાસુ ભક્તે પહેલો પ્રશ્ન કર્યો કે ''ભગવાન દરિદ્ર કોણ છે?'' શંકરાચાર્યજીએ કહ્યું, ''જેની તૃષ્ણા અસીમિત છે, જે સદા અસંતોષી છે તે દરિદ્ર છે.'' જિજ્ઞાસુએ બીજો પ્રશ્ન પૂછ્યો, '' ધનવાન કોણ છે?'' શંકરાચાર્યજીએ જવાબ આપ્યો, ''જે પૂર્ણ સંતોષી છે તે ધનવાન છે કારણ કે સંતોષથી મોટું કોઈ ધન નથી.'' જિજ્ઞાસુએ ત્રીજો પ્રશ્ન પૂછ્યો, ''જીવિત હોવા છતાં મરેલું કોણ છે?'' શંકરાચાર્યજીએ સમજાવ્યું કે જે વ્યક્તિ ઉદ્યમહીન છે, આળસુ છે, નિરાશ છે. જે કોઈ કાર્ય કરતો નથી તે મૃત સમાન જ છે''. જિજ્ઞાસુએ આગળ પૂછ્યું, ''સૌથી કિંમતી આભૂષણ કયું છે?'' શંકરાચાર્યજીએ જણાવ્યું, ''સાચું શુદ્ધ વિશુદ્ધ ચરિત્ર સૌથી કિંમતી આભૂષણ છે.'' જિજ્ઞાસુએ પૂછ્યું, ''પરમ પવિત્ર તીર્થ કયું છે?'' શંકરાચાર્યજીએ જણાવ્યું, ''કોઈ સ્થળ નહીં, કાશી અને મથુરા કે અન્ય કોઈ પણ નહીં પરંતુ શુદ્ધ મન પરમ તીર્થ છે.'' જિજ્ઞાસુ આગળ પૂછે છે, ''પતનનું કારણ શું છે?'' શંકરાચાર્યજીએ એક જવાબ આપ્યો, '' આસક્તિ- સ્ત્રી, સુવર્ણ, ધનની કામના પતનનું કારણ છે.'' જિજ્ઞાસુએ પૂછ્યું, '' બ્રહ્મપ્રાપ્તિ કઈ રીતે થાય?'' શંકરાચાર્યજીએ કહ્યું, 'સત્સંગ-દાન-સદ્વિચાર અને સંતોષ દ્વારા બ્રહ્મપ્રાપ્તિ સરળ બને છે.'' આગળ જિજ્ઞાસુએ પૂછ્યું, ''સાચો સંત કોણ છે?'' શંકરાચાર્યજીએ જવાબ આપ્યો, '' જે બધી જ લાલસાથી પર છે. પરમ વિતરાગી છે. મોહરહિત છે. બ્રહ્મમાં પ્રેમ ધરાવે છે તે વ્યક્તિ સાચો સંત છે.'' જિજ્ઞાસુએ પૂછ્યું, ''સૌથી મોટી બીમારી કઈ છે?'' શંકરાચાર્યજીએ કહ્યું, ''ચિંતા સૌથી મોટી બીમારી છે.'' જિજ્ઞાસુએ પૂછ્યું, ''જીવન જગતને જીતવા માટે શું કરવું જોઈએ?'' શંકરાચાર્યજીએ જવાબ આપ્યો, ''સૌથી પહેલાં મનને જીતો. જે મનને જીતી લે છે તે જીવન અને જગતને જીતી શકે છે.'' આ પ્રશ્નો સમજવા જેવા છે અને તેના જવાબ જાણવા જેવા છે.

બાળકના શિક્ષણની ગુણવત્તા માટે આગ્રહ રાખજો, માર્કશીટના માર્ક માટે નહીં!

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

ગુજરાતમાં હવે બોર્ડની પરીક્ષાઓ શરૂ થશે. એ પતશે પછી તરત સ્કૂલની અને યુનિવર્સિટીની પરીક્ષાઓ શરૂ થશે. વિદ્યાર્થી અને માતા પિતાને પરિણામની ચિંતા હોય છે. પરીક્ષા પે ચર્ચા જેવા કાર્યક્રમો દ્વારા આ ચિંતા ઓછી કરવાના પ્રયત્નો થાય છે પણ ગુજરાતમાં શિક્ષણ અને પરીક્ષણનો હાલ જેને અનુભવ છે તે સૌને પરિણામ કરતાં તેની ગુણવત્તા માટે ચિંતા થાય તેવું વાતાવરણ છે.

"શિક્ષણ મોંઘું નહી પણ અઘરું હોવું જોઈએ. શિક્ષણ લાંબુ નહીં પણ ઊંડું હોવું જોઈએ". "શિક્ષણ આપો ત્યારે સરળ અને મૂલ્યાંકન કરો ત્યારે કડક હોવું જોઈએ".....આ બધાં હવે સુવાક્યો છે. વધારે પડતું ઊંચું પરિણામ પરીક્ષા અને મૂલ્યાંકન બન્ને માટે નિષ્ફળતાના સૂચક છે. આજે વિજ્ઞાન અને માહિતીના યુગમાં આમ તો દુનિયાભરમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સના અભ્યાસક્રમો લગભગ સરખા છે. યુરોપ કે અમેરિકા ના મેડીકલના વિદ્યાર્થીઓ માટે જે અભ્યાસક્રમ છે તે જ ભારતમાં પણ છે. બ્રિટીશ અંગ્રેજીમાં માસ્ટર્સ કરતા વિદ્યાર્થી અને ગુજરાત યુનિ.ના માસ્ટર્સ કરતાં વિદ્યાર્થીએ લગભગ સરખું જ ભણવાનું હોય છે પણ ભણાવાય છે જુદી રીતે. પરીક્ષણ જુદી રીતે થાય છે અને મૂલ્યાંકન જુદી રીતે થાય છે. અરે, બે દેશોની વાત ક્યાં કરવી, ભારતમાં જ દિલ્હી યુનિ., વડોદરા યુનિ. અને ઉત્તર ગુજરાત યુનિ. ના અભ્યાસક્રમો તો લગભગ સરખા જ છે. પણ, ડીગ્રી મેળવનારની ગુણવત્તા જુદી જુદી છે.

ક્યારેય વિચાર્યું કે ભારતમાં કેમ મેડિકલ કરવા બધા નથી આવતા? કેમ આપણી યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષય સાથે માસ્ટર થયેલા વિદ્યાર્થી ટોફેલ કે અઈલેટસ માં પાસ નથી થતો? શા માટે આપણી યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ થવું સહેલું છે અને ટોફેલ જેવી પરીક્ષા અઘરી છે અને મૂળ મુદ્દો તો એ કે કેમ આ પરીક્ષાઓ આપો પછી જ વિદેશ જવા મળે? આપણા દેશની ડીગ્રી પર જવા ના મળે?

કારણ આપણાં મૂલ્યાંકનો સતત ગુણવત્તા ગુમાવતાં જાય છે. હવે મુદ્દો એ છે કે આ ગુણવત્તાહીન ઊંચાં પરિણામો કોના લાભાર્થે છે? આ લેખમાળામાં આપણે સતત કહેતા આવ્યા છીએ કે હવે એવી કોઈ નોકરી નથી જે સીધી તમારી ડીગ્રીના આધારે મળી જાય. ભણશો તો કંઈક કરશો એ જૂની વાત છે. બાળકોના શિક્ષણ માટે તર્ક ગુમાવી ઘાંઘા થતાં મા બાપ આ ક્યારે સમજશે એ પ્રશ્ન છે.

> ક્યારેય વિચાર્યું કે ભારતમાં કેમ મેડિકલ કરવા બધા નથી આવતા? કેમ આપણી યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષય સાથે માસ્ટર થયેલા વિદ્યાર્થી ટોફેલ કે અઈલેટસ માં પાસ નથી થતો?

ઊંચાં પરિણામો સૌ પ્રથમ સરકારને ગમે છે કારણ આજકાલ માહોલ જુદો છે. અમારી સરકાર સારું શિક્ષણ આપે છે. અમારા સમયમાં શિક્ષણનું સ્તર સતત સુધરતું જાય છે. જુવો પરિણામો. આ સરકારનો જથ્થાત્મક અભિગમ છે અને લોકપ્રિયતા માટેની જરૂર છે. પહેલાં સ્કૂલ બોર્ડનાં નીચાં પરિણામો માટે સરકાર ચિંતા નો'તી કરતી, હવે કરે છે કારણ આગળ સમજવા મળશે. ઊંચાં પરિણામોના બીજા લાભાર્થી છે સ્કૂલ કોલેજના સંચાલકો.બાળક નપાસ થાય તો તેનો આગળ ભણવાનો ઉત્સાહ ઓસરી જાય અને માબાપ પણ જો બાળક નબળું હોય તો આગળ ભણાવવાનું માંડી વાળે.

પણ જો પાસ થાય અને તે પણ માફકસરના માર્કથી તો મા-બાપ જોડતોડ કરીને પણ તેને આગળ ભણાવે. હવે ખાનગીકરણના યુગમાં સરકારે સરકારી શાળા કોલેજો તો વધારી નથી એટલે બાળક જવાનો ખાનગી શાળા કોલેજમાં. એટલે ઊંચાં પરિણામો (ઓછા ટકાવાળાં) સંચાલકોને ફાયદો કરાવનારાં અને હરખાવનારાં હોય છે.

સરકાર અને સંચાલકોને ઊંચાં પરિણામમાં રસ હોય છે તેવું તો તમે સાંભળ્યું હશે પણ આપણે ત્યાં નોકરી ટકાવવા માટે પણ ઊંચાં પરિણામ જોઈએ છે એટલે શિક્ષકો અને અધ્યાપકો ફાજલ ના પડે તે માટે પણ વિદ્યાર્થીઓ તો જોઈએ જ! તો ઊંચાં પરિણામના ત્રીજા લાભાર્થી આ છે. જ્યાં જ્યાં પરીક્ષણ અને મૂલ્યાંકનમાં આ પરિબળ મહત્ત્વનું થાય છે ત્યાં .."અલ્યા પાસ કરજો નહીં તો આપણે જ છૂટા થવાનું આવશે"ના નામે વધુ પાસ કરાય છે.

તો ઊંચાં પરિણામના કહેવત આ બે લાભાર્થી વિદ્યાર્થીઓ અને વાલી તો બિચારા હોળીનું નાળીએર છે. કોઈકના ધંધા માટે તેમને ફૂલેકે ચડવાના છે બાકી આ શિક્ષણ માટે ચાલતું તંત્ર નથી. અહીં કોઈને શિક્ષણ સુધરે તેમાં રસ નથી. અભ્યાસક્રમો સરળ કરો. પછી પરીક્ષા પદ્ધતિ સરળ કરો પછી મૂલ્યાંકન ઉદાર કરો, કાંઈ પણ કરો. મોટી સંખ્યામાં પાસ કરો અને પછી આના આ જ કહેશે કે એન્જિનિયર બેકાર છે. એમ. એ. બી.એડ. થયેલા બેકાર છે. પણ કોઈ એમ નહીં કહે કે આ ખરેખર જ બેકાર છે.

ચિંતા કરો. સોમાંથી નેવું પાસ થાય તેની ચિંતા કરો. આપણા બાળકને તેની આવડત કરતાં વધુ મળતું થાય તેની ચિંતા કરો. વિદ્યાર્થી નબળો હોય તે દેખાય પણ શિક્ષક, અધ્યાપક કે શિક્ષણની મૂળ વ્યવસ્થા જ નબળી હોય એ જલ્દી ના દેખાય. શિક્ષણને ઊંચું લાવો, પરિણામને નહીં. વરસ ના બગડ્યું તેનો આનંદ ટૂંકા ગાળાનો છે પણ આવડત વગરની ડીગ્રી લાંબા ગાળાનું નુકસાન કરે છે. તુલસીદાસનો એક દોહો છે કે

"દુર્જન કઈ કરુણા બુરી ,ભલો સજ્જનકો ત્રાસ . જબ સુરજ ગરમી કરે તબ બરસન કઈ આસ !".. મતલબ કોઈ અમસ્તું તમને મદદ કરે તમને મફતના લાભ આપવાની વાત કરે, યોગ્યતા વગરનું માન આપવા માંડે તો ચેતજો ..બજારમાં સોનું પચાસ હજારનું તોલો હોય અને તમને કોઈ હજાર રૂપિયામાં આપવામાં તૈયાર થાય તો તમે તરત ચેતો કે નહીં? જે નથી ચેતતા તે છેતરાય છે કે નહીં? તો આ તો સોના કરતાં પણ વધુ મૂલ્યવાન છે. જ્ઞાન છે, આવડત છે. એ આવડ્યાનું પ્રમાણપત્ર તમને એમને એમ કોઈ આપવા માગે છે તો ચેતવાનું કે છેતરાવાનું? વિચારો તો ખરા.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

કક્કો મારો શિવને બારાખડી મારી શક્તિ!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

કક્કાવારી તો સમજ્યા, બારાખડીની વાત આવે ને, આજે પણ મને કારણ વગરની ધ્રુજારી છૂટે..! મને હજી પણ યાદ છે કે, જેટલા શિક્ષક બદલાય એટલી વખત મને ક જુદી જુદી રીતે શીખવા મળેલો. કોઈએ કલમનો ક શીખવેલો, કોઈએ કમળનો ક શીખવેલો તો કોઈએ ગણપતિના ગ ને બદલે ગધેડાનો ગ શીખવેલો..! ગુંચવાઈ જતો યાર..? ગુજરાતી ભાષાનો આ વૈભવ છે. અક્ષરથી અક્ષર મળે તો શબ્દ બને, શબ્દથી શબ્દ મળે તો વાક્ય બને, વાક્યથી વાક્ય મળે તો પાનું બને, પાનાથી પાનું મળે તો પુસ્તક બને, પુસ્તકથી પુસ્તક મળે તો પુસ્તકાલય બને, પુસ્તકાલયથી પુસ્તકાલય મળે, તો ભાષાનો વૈભવ બને અને એમાંથી એક ઉદ્યમી-સંસ્કારી ગુજરાતી ઊભો થાય..! ફેબ્રુઆરી મહિનો એટલે, આમ તો પ્રેમલા-પ્રેમલીના વિવિધ Days ની ઉજવણીનો મહિનો..! પણ ચંબલની ખીણના ખૂંખાર અડ્ડામાં કોઈ સાચો તપસ્વી ઘુસી ગયો હોય એમ, ૨૧ મી ફેબ્રુઆરીએ વિશ્વ માતૃભાષા દિવસ પણ એમાં આવી ગયો. (હવે એવું પૂછીને મગજનું દહીં નહિ કરતા કે, એને પિતૃભાષા કેમ કહેવામાં નથી આવતું..?) જો કે, ચમનિયાના ચંપુએ આવો સવાલ પૂછેલો, ત્યારે ચમનિયો બેબસ બની ગયેલો. પણ જ્યાં નહિ પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે ચમનિયા જેવો અનુભવી..! સડેલો જોક સંભળાવીને કહેલું કે, "જે ભાષાનો ઉપયોગ જે લોકો વધારેમાં વધારે કરે, એના નામે એ ભાષા ઓળખાય..! પિતા 'ન બોલ્યામાં નવ ગુણ માને' અને મા 'બોલે તેના જ બોર વેચાય' એવું સમજે..! એના કપાળમાં કાંદા ફોડું, આ તો એક વાત થાય છે..!

પિતાનો સ્વભાવ સંયમ જાળવવાનો ને માતાનો સ્વભાવ સહનશીલતા દાખવવાનો. ક્યાંક ક્યાંક મા બોલતી હોય તો, બાપાને બોલવાની જગ્યા પણ ના મળતી હોય, એવું પણ બને..! પછી તો જેવું જેવું જોડું..! જો કે, આ વાત સાથે હું પણ સંમત તો નથી જ..! પણ 'ચાલતી કા નામ ચાલણગાડી..! કોણ ડખા કરે..? કહેવાય છે કે, "ચા બગડી એની સવાર બગડી, દાળ બગડી એનો દહાડો બગડ્યો, અથાણું બગડ્યું એનું વર્ષ બગડ્યું ને, વાઈફ બગડી એની....! (આગળ થોડુંક તો તમે બોલવા લાગો..! બધું મારે જ બોલવાનું..? જીવદયા જેવું છે કે નહિ..?), ૨૧ મી ફેબ્રુઆરીએ, મારા શું ભોગ લાગ્યા કે શૈલી, મરઘા કરતાં પણ સવારમાં વહેલી ઊઠી..! એનો પણ વાંધો નહિ પણ, ઘોર નિદ્રામાં તન્મય બનેલા આ બંદાને જોઈને, મરઘાને બદલે એ 'કૂઉઉક રે કૂઉઉક'કરવા લાગી. મરઘાનો અવાજ તો કર્ણપ્રિય પણ લાગે, ત્યારે શૈલી તો સીધી ત્રાટકી..!

"બસ..! તમારે તો પથારીમાં પડીને ઘોરવાનું જ કામ કરવાનું..! એમ નહિ કે, આજે વિશ્વ માતૃભાષાનો દિવસ છે, તો લાવ ઊઠીને કલાપી, ઉમાશંકર, શયદા, પીતાંબર, પેટલીકર કે રમેશ ચાંપાનેરીનાં ચોપડા કાઢી અક્ષરજ્ઞાન પામું...! બસ, સાવ ઢ ના ઢ જ રહેવાનું..!" એના કપાળમાં કાંદા ફોડું એક જ શ્વાસમાં એટલું બધું બોલી ગઈ કે, ચચરી આવ્યું બોસ..! ઊઠવાનું એલારામ વાગે તે પહેલાં પથારીમાંથી ઊભો થઈ ગયો. સરસ્વતીના સ્વરૂપમાંથી કઈ ઘડીએ શૈલી મહાકાળી માતાના સ્વરૂપમાં આવી જાય એની કોઈ ગેરંટી નહિ. બાકી, રોમેન્ટિક મૂડમાં હોય તો જનરલી એ મને 'રમેશ'ને બદલે 'રમૂ'કહીને જ બોલાવે, પણ વિશ્વ માતૃભાષા દિવસની ઉઘડતી સવારે એણે મને 'કુંભકર્ણ' કહ્યો.! મારી બીજી ક્ષતિ એટલી જ હતી કે, વહેલા ઊઠીને શ્વાસના ફૂફાડા મારવાનું ચૂકી ગયેલો. કોઈને ખબર ના હોય તો કહી દઉં કે, પતિ ગુસ્સે થાય તો એકાંત શોધે ને પત્ની ગુસ્સે થાય તો પતિને શોધે..! 'સ્કાયલેબ'ની જેમ તૂટી પડી. ધણીની ધૂળ ખંખેરવી હોય તો, 'પોચા-પોચા' શબ્દમાં પણ ખંખેરાય..! પણ સિંહણની માફક એવી તાડૂકી કે, પડોશમાં રહેતી પદ્માબાઈની અભરાઈએ ચઢેલાં વાસણો પણ એની ત્રાહ્યમાં નીચે ખંખેરાઈ ગયાં ને પદ્માબાઈની ઊંઘ ઊડી તે અલગ..! પાડોશણ પદ્માબાઈ એટલે કુંવારી પ્રોઢા..! અમારા લત્તાની મંગેશકર ખરી, પણ પ્રભાતિયાં ગાવાનું નહિ ફાવે. એટલે જાગી ગયાનો નિર્દેશ કરાવવા માટે, ફિલ્મમનું ગીત લલકારવા માંડી. તેલના ખાલી ડબ્બામાં કોઈ ડંગોરો ફેરવતો હોય એવો તો એનો અવાજ..! સિચ્યુએશન એવી બની કે, એક બાજુ શૈલીનું ત્રાટકવું, ને બીજી બાજુ પદ્માબાઈનું ગાવું, બધું એકરસ થઈ ગયું....! સાલું કંસારનું તો ઠીક, મારા સંસારનું ભડકું થઈ ગયું..! કારણ કે, ગીતના શબ્દો એવા કાઢ્યા કે, જાણે મારા માટે જીવદયા ઉપર ના ઊતરી આવી હોય..?

કોઈ જબ તુમ્હારા હૃદય તોડ દે, તડપતા હુઆ જબ કોઈ છોડ દે તબ તુમ મેરે પાસ આના પ્રિયે, મેરા દર ખુલા હૈ ખુલા હી રહેગા શૈલીએ આ સાંભળ્યું ને, જે ઘટના ઘટી છે, એનું હું બયાન કરવા અસમર્થ છું..! કસ્સમથી કહું, પદ્માબાઈ સાથે મારે બારાખડીનાં એકેય અક્ષરનો સંબંધ નહિ. પણ શૈલીના ભેજામાં એવો કુમળો ધુમાડો ભરાઈ ગયો, કે ધીરે રહીને ભડકો થયો..! પછી તો એવા એવા શબ્દોનો મારો શરૂ થયો કે એકેય શબ્દ શબ્દકોશમાં શોધેલો નહિ જડે. કક્કાવારી, બારાખડી કે શબ્દકોશ સાથે જેને કોઈ સ્નાન-સૂતકનો સંબંધ ના હોય, એવા શબ્દો પ્રસવ થયા..! મારી કારણ વગર ધોલાઈ થઈ..! 'વિશ્વ માતૃભાષા દિવસ'ની ઉજવણી ઉઘડતી સવારે મારા ઘરથી જ શરૂ થઈ..!આટલી વાત પછી, તમને અંદાજ તો આવ્યો હશે કે, ગુજરાતી ભાષાને પિતૃભાષા કેમ કહેવામાં આવતી નથી..! બોલવું એ ભાષાનું પ્રગટ સ્વરૂપ છે..! ભઈઈઈઈઈ..?

ફેબ્રુઆરી ભલે અધૂરા માસે અવતરેલા બાળક જેવો હોય, પણ ૨૧મી ફેબ્રુઆરી આવે એટલે, દુનિયાભરનાં લોકો પોતાની માતૃભાષાનું સ્મરણ અને ચિંતન કરે. કવિઓ, સાહિત્યકારો, હાસ્યકારો, શાયરો બધા એ દિવસે સૌના ભેજામાં લટાર મારવા નીકળે. ભાષા માણસને હસાવી શકે, રડાવી શકે, પ્રેરણા આપી શકે અને હાસ્યકારો શબ્દો સાથે સંગીતખુરશી રમીને વાચકને હળવી મજા કરાવે. એમાં ભક્તિ, શૃંગાર, વીર, જ્ઞાન, હાસ્ય, સામાજિક અને વિચારરસ જેવા વિવિધ રસોનું મેળવણ છે. આદિકવિ નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ વગેરેએ ભક્તિરસનાં પાન કરાવ્યાં. પ્રેમાનંદ, નર્મદ ગોવર્ધનરામ ત્રિપાઠી વગેરેએ સામાજિક જીવનનું ચિત્રણ બતાવ્યું. એમ દરેક લેખકોએ સાંપ્રત જીવનને અનુરૂપ માતૃભાષાને બાગબાન બનાવ્યું છે. કોઈએ સાચું જ કહ્યું છે કે,

શબ્દ તારે છે, શબ્દ મારે છે
અને શબ્દ ડુબાડે છે
શબ્દ માથું અપાવે છે અને
શબ્દ માથું કપાવે છે
શબ્દોનો સથવારો અમૃત પણ
છે ને વિષ પણ છે
શબ્દ સાધના છે તો શબ્દ એક
વાસના પણ છે

જેમ પ્રદેશે પ્રદેશે ભગવાનનાં નામ અલગ એમ પ્રાંતે પ્રાંતે કક્કાવારી ને બારાખડી એક જ, પણ બોલી અલગ...! કહેવાય છે ને કે, બાર ગાઉએ બોલી બદલે, તરુવર બદલે શાખા, બુઢાપામાં કેશ બદલે લખણ ના બદલે લાખા...!

> પિતાનો સ્વભાવ સંયમ જાળવવાનો ને માતાનો સ્વભાવ સહનશીલતા દાખવવાનો. ક્યાંક ક્યાંક મા બોલતી હોય તો, બાપાને બોલવાની જગ્યા પણ ના મળતી હોય, એવું પણ બને..!

*લાસ્ટ **બોલ***

કુંવારી છોકરી નીચે ઊભી
છે એનું એક શબ્દની અંદર
અંગ્રેજી કરો
Miss Under standing
કેવી રીતે..?
Miss એટલે કુંવારી છોકરી..!
Under એટલે નીચે..! અને...
Standing એટલે ઊભી છે!
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

હોલી કે દિન...રંગોમે રંગ મિલ જાતે હૈ.

હોળી આવી.દર વર્ષે આવે છે.આ વર્ષે પણ આવી.જ્યારે હોળી આવે ત્યારે આ ગીત તો સાંભળવા મળે જ.'હોલી કે દિન.રંગો મેં રંગ મિલ જાતે હૈં.' (ફિલ્મ 'શોલે')આ વાત એટલા માટે યાદ આવી કે,ફિલ્મ 'શોલે' માં ધર્મેન્દ્રજીએ હેમાજી બસંતી સાથે આ ગીત ગાયું ત્યારે જયાજીને વિધવા બતાવેલાં અને અને તેઓ મનોમન દુઃખી થતાં હતાં. આજે જયારે ધર્મેન્દ્રજી નથી ત્યારે હેમાજીની એ વ્યથા હશે. ધરમજી વિનાની હેમાજીની હોળી તેમને કેટલી વ્યથિત કરતી હશે એ તો તેઓ જ જાણે.પણ આ હોળી પર જેઓ પણ આ ગીત સાંભળશે કે યાદ કરશે તેમને ધરમજીની ગેરહાજરીનું દુઃખ તો અવશ્ય થશે જ.આજે જયાજી છે,બચ્ચનજી છે,તેઓ તો રંગ બરસે વાયું ગીત ગાશે જ.હોળી એ પ્રેમીઓની છૂટછાટનો દિવસ છે.

આ દિવસે મન ગમતા પાત્રના ગાલને સ્પર્શીને ગુલાલ લગાવવામાં આવે તો છેડતીનો ગુનો નોંધાતો નથી.'હોલી કે બહાને તું છેડ ના મુજે કહીને વાત પતી જાય છે.યુવતીઓ પણ એમ ઈચ્છતી હોય છે કે તેમનું મનપસંદ પાત્ર તેમને રંગ લગાવી જાય. પરંતું જેનું મન પસંદ પાત્ર આ દુનિયામાં રહ્યું નથી તેણે તો મનોમન જ રંગાવું પડે છે યાદોના સહારે.પ્રભુ હેમાજીને ધરમજીની ગેરહાજરી સહન કરવાની શકિત આપે તેવી મનોકામના.આ તહેવારમાં મનોમનતો પ્રિયપાત્રને રંગતા જ હોય છે.આજે છૂટ છે.રંગજો.હોલી ફક્ત ખુશીનો દિવસ બની રહે એ રીતે રમજો,પ્રેમભાવ વધવા જોઈએ, વેરભાવ નહિ.

હેપ્પી હોલી.

સુરત - પ્રવિણ પરમાર

"ગુજરાત મા લગ્ન નોધણી નિયમોમાં સૂચિત સુધારા અંગે જન જાગૃતિ જરૂરી"

ગુજરાત માં લગ્ન નોધણી નિયમોમાં સૂચિત સુધારા અંગે સૂચનો મંગાવવા આવ્યા છે. સૂચિત સુધારા ના કેટલાક ભય સ્થાન ધ્યાને લેવા જોઈએ (૧) જાતિવાદ ને પ્રોત્સાહન મળશે (૨) ગરીબ વર્ગ ના છોકરા છોકરી ધનવાન લોકો ના ભોગ બનશે કેમ કે એકવાર સબંધ બાંધ્યા પછી માતા પિતા ની સમતી ન મળે તો અનેક પ્રશ્નો નો સામનો કરવો પડશે. (૩) બંધારણ ના આર્ટિકલ નો ભંગ થાય છે (૪) પુખ્ત વયની વ્યક્તિને મતાધિકાર નો બંધારણીય હક તે જ રીતે લગ્ન પણ પસંદગી ના પાત્ર સાથે કરવાનો બંધારણીય હક છે (૫) આંતરજ્ઞાતિય લગ્ન ને પ્રોત્સાહન મળશે નહી. (૬) વર્ગ વિગ્રહ ને પ્રોત્સાહન મળશે

સુરત -ચંદ્રકાન્ત રાણા

દુનિયામાં રહેના હો તો કામ કરો પયારે

ગુ.મિત્ર. તા.૨૫/૦૨/૨૬ ની બુધવાર ની પૂર્તિ મા ભરત ઘેલાણીજી નો લેખ.." સુપર શ્રીમંતો વધુ ટેક્ષ આપે તો શું જગતભરની ગરીબી નાબૂદ થઇ શકે ખરી?. તેમના લેખ માં જણાવ્યા મુજબ હાલમાં એક આંતરરાષ્ટ્રીય સંસ્થા " ઓકસફામ" કે જે જગતના વિવિધ દેશોમાં ફેલાયેલી ભૂખમરાની સમસ્યા અને ધનકુબેરો ગરીબ વચ્ચે ની આવક ની અસમાનતા ની ખબર રાખે છે, તેમના અહેવાલ મુજબ વિશ્વ ના ૧૦ ધનિકો એવા છે કે જે રોજના ૧૧ હજાર કરોડ રૂપિયા કમાય છે.જો આ સુપર શ્રીમંતો વધુ ટેક્ષ ચુકવે તો જગતભરની ગરીબી નાબૂદ થઇ શકે. પરંતુ ના ભૂખમરો નાબૂદ થઇ શકે ગરીબી નહિ.આપણે ગરીબી ની વ્યાખ્યા જ બદલી નાખી છે, કોઈ પણ દેશની સરકાર હોય એની ફરજ છે કે કમાણી કરતા નાગરિકો પાસે કર ઉઘરાવી દેશનું કામકાજ ચલાવવું અને સુશાસન કરવું,ઓકસફામ ના અહેવાલ મુજબ સ્વેચ્છાએ કર ચુકવણી કરવામાં પશ્ચિમ ના શ્રીમંતો અગ્રેસર છે, પરંતુ આપણા દેશના મુકેશ અંબાણી, ગૌતમ અદાણી જેવા ધનકુબેરો એ તૈયારી બતાવી નથી, આપણા દેશની આવક ઉપર ટેક